## જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઊભો છે.



જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે :

# જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

**SATURDAY 10 OCTOBER-2020**
**રાતના ૮ વાગે**

**જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્ત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે.**

**આગમથી લઈને આજ સુધી લખાયેલા ગ્રંથોનો પરિચય આજે વિસરાઈ રહ્યો છે, ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.**

જૈન સાહિત્યના અભ્યાસક્રમનો શૈક્ષણિક રીતે આરંભ થઈ રહ્યો છે. જૈન સાહિત્ય અને તેની વિવિધતા, સમૃદ્ધિ, રોચકતા અંગે પ્રથમવાર આ કોર્સનાં નેજાં હેઠળ વાત થશે. આજ સુધી અવગણાયેલાં, અજાણ્યાં વિશ્વમાં જૈન સાહિત્યના વિશ્વને પ્રથમવાર રજૂ કરીએ છીએ.

જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ સમાજને સમાવિષ્ટ કરતુ અહિંસા અને પરસ્પર જીવો અને જીવવા દોનો માંગલ્યમય સંદેશ આપે છે.

સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ...

અનેક વિદ્વાનોએ જીવનભર જે સાહિત્યનો અભ્યાસ કર્યો છે, તેમની વિદ્વતાનો લાભ વ્યાખ્યાનોમાં મળશે.

**૧૦મી ઓક્ટોબરે ૨૦૨૦ના રોજ વ્યાખ્યાન: શનિવાર, રાતના ૮ વાગે**

**વક્તા:** અતુલકુમાર વ્રજલાલ **શીર્ષક :** **સ્તોત્રાધિરાજ શ્રી વર્ધમાન શક્રસ્તવ**

**સત્ર સંચાલક :** ડૉ. સેજલ શાહ

## અતુલકુમાર વ્રજલાલ



**વક્તા પરિચય :** જૈન જગતનું જાણીતું વિદ્વતાભર્યું મુઠ્ઠી ઊંચેરું નામ એટલે શ્રી અતુલકુમાર વ્રજલાલ શાહ. શૈક્ષણિક રીતે સી.એ. અને વકીલાતનો અભ્યાસ કર્યો છે અને પોતાના આ ક્ષેત્રમાં ખૂબ જ કાર્યરત છે. આત્મા ઉન્નતિ અને જગસેવા માટે જૈન ધર્મના સાહિત્યિક અને તાત્વિક રહસ્યોને વ્યાખ્યાનો દ્વારા જીવંત રાખવાનો પ્રયાસ કરે છે. અનેક સામાજિક કાર્યો સાથે જોડાયેલા છે.

અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટીરૂપે કાર્ય કરે છે ઉપરાંત રાજકીય રીતે પણ કાર્યરત છે. દેશ-વિદેશમાં તેમના વ્યાખ્યાનો નિરંતર ચાલતા હોય છે. યોગા, અધ્યાત્મ, સ્વાસ્થ્ય વિષયો પર તેમને વિદેશમાં વ્યાખ્યાનો આપ્યા છે.

**વ્યાખ્યાન સંક્ષેપ :**

લાખો ભક્તજનો દેવાધિદેવરૂપે જેમની ભક્તિ-ઉપાસના કરે છે, તે તીર્થંકર ભગવંતોનું આંતરિક ગુણ સૌંદર્ય એવું અદ્‌ભુત હોય છે કે એની ઝલક દર્શાવવા માટે 'વર્ધમાન શક્રસ્તવ' ગ્રન્થમાં પૂરા બસો તોંતેર અફલાતૂન વિશેષણો પ્રસ્તુત કરાયા છે. એમાં એક વિશેષણ એ છે કે પરમાત્મા ભૌતિક સુખ અને દુ:ખથી સર્વથા રહિત છે.

માત્ર આત્મિક સુખના સાગરમાં સદાકાળ નિમગ્ન રહેનાર પરમાત્મા આ અવસ્થા એટલે પામે છે કે તેઓ સાધના કાળ દરમિયાન બાહ્ય સુખમાં લીન કે બાહ્ય દુ:ખમાં દીન બન્યા ન હતા. આની સામે આપણી તકલીફ એ છે કે આપણે વહી ગયેલ સુખને યાદ કરી કરીને ઝૂરીએ છીએ અને રહી ગયેલ દુ:ખની ફરિયાદ કરી કરીને મરીએ છીએ. પરમાત્માનું વિશેષણ એ સંદેશ આપે છે કે સુખની યાદ છોડો અને દુ:ખની ફરિયાદ છોડો. આવી ખુમારીથી જીવીશુ, તો આપણેય બાહ્ય સુખ:દુખ જ્યાં સ્પર્શે નહીં એવી સ્થિતિ સર કરી શકીએ.''

**આજ સુધી થયેલા પ્રાથમિકા કોર્સના ૧૨ વ્યાખ્યાનોની લિંક:** https://youtu.be/mbV7jjEuIMY

zoom
CLICK HERE TO JOIN MEETING

**ઝૂમ લીંક :** https://bit.ly/2SuDOzE
**Meeting ID: 890 0779 0733**
**Passcode: 232678**

**તમારે કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવવાનું બાકી હોય તો :** Guj: https://forms.gle/p9usxGUJvVosKRcc8

**મહત્વપૂર્ણ સૂચનો:**
- ઓનલાઈનના આ કોર્સમાં દરેક ક્લાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કૉમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેક્નિકલ પ્રશ્ન આવ્યો હોય તો સંપર્ક કરો: **૯૭૬૯૬૫૫૩૪૫**

**આમંત્રક :** જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ
**પ્રેરક :** સી.કે મહેતા
**ટ્રસ્ટીગણ :** દીપક મહેતા, ઈલા મહેતા, ભારતી મહેતા, સેજલ શાહ, યોગીની શેઠ, દિલીપ શાહ, બકુલ ગાંધી, બિપીન દોશી.